# કલમ–૪(૧)ખ(૪)
# પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો.

બ્રીજસેલ વિભાગના કાર્યો બજાવવા માટે ખાતાએ નકકી કરેલા ધોરણો :

**(અ) નવા કામોની નિર્માણ પ્રક્રિયા :**

- શહેરના વિવિધ બ્રીજ પ્રોજેકટ માટે કન્સલટન્ટ ધ્વારા તબકકાવાર  ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ  તૈયાર કરાવવો.
- સરકારશ્રી / સક્ષમ સત્તાની પ્રોજેકટ મંજુરી બાદ અમલીકરણની કાર્યવાહી કરવી.
- સરકારશ્રી/ સક્ષમ સત્તાની જે તે સમયની જે તે યોજનાને અનુરૂપ આયોજન કરવું તેમજ જરૂર જણાયે કામગીરીનું આયોજન સ્વભંડોળમાંથી કરવું.
- સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની અંદાજ મંજુરી બાદ મહાનગરપાલિકાનાં પ્રવર્તમાન નિતી–નિયમો મુજબ પારદર્શક જાહેર ટેન્ડર પ્રક્રિયા કરવી.
- આવેલ ટેન્ડરોની સી.વી.સી.ની ગાઈડલાઈન મુજબ સ્ક્રુટીની કરી ટેન્ડર સ્ક્રુટીની કમિટિ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર સ્ક્રુટીની કમિટીની ભલામણ મુજબ ટેન્ડર મંજુરી માટે સક્ષમ સત્તાધીશ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર મંજુરી બાદ સંબંધિત ઈજારદારને વર્કઓર્ડર આપવો.
- ટાઉન પ્લાનીગ વિભાગ / સંબંધિત ઝોન ધ્વારા સ્થળ પર રસ્તાનું ડિમાર્કેશન મેળવ્યા બાદ નિર્માણ કામગીરી શરૂ કરવી.
- નિર્માણની વિવિધ કામગીરીઓ ટેન્ડરનાં સ્પેશીફીકેશન તથા શરતો મુજબ કરાવવી.
- નિયત ટેન્ડર શરતોમાં વખતો વખતની ચકાસણી / પરીક્ષણની કામગીરી કરાવવી.
- કામપૂર્ણ થયેથી વર્કકંપલીશન સર્ટીફીકેટ ઈસ્યુ કરવું.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ દરમ્યાન ચકાસણી થયે જરૂર જણાયે રિપેરીગ વિગેરેની કામગીરી કરાવવી.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ પૂર્ણ થયા બાદ ઈજારદારની સીકયોરીટી ડિપોઝીટ પરત કરવી.
- સુરત શહેરનાં તમામ હયાત બ્રીજો પર જરૂરી મરામત અને નિભાવની પ્રક્રિયા કરવી.

**ડેપ્યુટી ઈજનેર(બ્રીજ)**
**અને**
**જાહેર માહિતી અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**